# ખેડબ્રહ્મામાં રાત્રે ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો





ખેડબ્રહ્મા

ખેડબ્રહ્મા શહેરમાં રવિવાર રાત્રીના ૧૧ કલાકે શરુ થયેલ વરસદ મન મૂકી વરસ્યો હતો અને ૪.૫. ઈંચ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. ખેડબ્રહ્માના નવા મારવાડા જવાના રસ્તા પર ૩ ફૂટ પાણી ભરાયા હતા. જ્યારે માણેક ચોકમા રીતસરની નદી વહેતી હોય તેવું પાણી વહેવા લાગ્યું હતું. વાસના રોડના નીચાણવાળા વિસ્તારના મકાનોમાં પાણી ઘુસતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને નવી મેત્રાલ ગામે એક મકાન ધરાશાહી થયું હતુ.

ખેડબ્રહ્મા અને આજુબાજુમાં ભારે વરસાદના કારણે નદીમાં પાણી આવતા કુવાના સ્તર પણ ઊંચા આવ્યા છે અને ખેડૂતોમાં આનંદ પ્રસરી ગયો હતો. જ્યારે સમાચાર મળતા નગરપાલિકા સ્ટાફ સત્વરે હાજર રહ્યા હતા અને યુધ્ધનાં ધોરણે પાણીનો નિકાલ કરાયો હતો.

# શામળાજી-ભિલોડા પંથકમાં દીપડાનો આતંક યથાવત

## ઝૂમસર ગામે ખેતરમાં આવેલા તબેલામાં ત્રાટકી વાછરડાનું મારણ

ભિલોડા, તા. ૨

અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓમાં હિંસક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. શામળાજી-ભિલોડા પંથકમાં છેલ્લા પંદર દિવસમાં દીપડાએ માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના ઝૂમસર ગામના કમલેશભાઈ પટેલના ખેતરમાં બનાવેલ તબેલામાં ત્રાટકી બે માસના વાછરડાનું રવિવારે રાત્રીએ દીપડાએ વાછરડાનુ મારણ કરી જંગલમાં ખેંચી લઈ જઈ મિજબાની કરતા પ્રજાજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હિંસક દીપડાને તાત્કાલિક વનવિભાગ તંત્ર પાંજરે પુરાવામાં આવેની માંગ લોકો કરી રહ્યા છે. વનવિભાગ તંત્ર ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પાંજરું મુકવાની કાર્યવાહી હાથ ધરી હતી.



ભિલોડા-શામળાજી પંથકમાં આવેલા મઉં, વણઝર, ભેટાલી, રામનગર, નવા વક્તાપુર, જનાલી, વાંસેરા, દેવની મોરી વિસ્તારમાં દીપડા અને હિંસક પ્રાણીઓ અવાર નવાર પશુઓનું મારણ કરાયાની ઘટનાઓ બની છે. ઝૂમસર ગામમાં દીપડાએ બે માસના વાછરડાનું મારણ કરતા ભિલોડા પંથકમાં વધુ એકવાર દીપડાના આતંકથી પંથકના પ્રજાજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ભિલોડા અને વડાલી વનવિભાગ તંત્રના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને મારણ સ્થળનું પંચનાનું કરી ખેડૂતને સહાય આપવા રાબેતા મુજબની ઓનલાઈન અરજી કરી દીપડાને પાંજરે પુરાવા પાંજરું મુકવાની કામગીરી હાથ ધરી હતી.

ઝૂમસર ગામમાં દીપડાએ વાછરડાનું મારણ કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા કેટલાય દિવસોથી દીપડાના આતંકથી ભિલોડા-શામળાજી પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના સુમારે પ્રજાજનો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. દીપડાના ભયના ઓથાર હેઠળ ગ્રામ્ય જીવન સુમસામ બની જાય છે. ખેડૂતો પણ ખેતરમાં જવાનું ટાળી રહ્યા છે. દીપડો આજુબાજુના વિસ્તારમાં આંટાફેરા મારતો રહેતા અને સતત માનવ વસ્તીમાં ઘુસી પશુઓનું મારણ કરતા વનવિભાગ તંત્ર દ્વારા સંભવિત સ્થળોએ પાંજરા મૂકી દીપડાને સત્વરે પાંજરે પુરાવા માટેની માંગ પ્રબળ બની છે.

# વડગામથી ખેરાલુ જવાના માર્ગ પર ખાડા પડતાં નાગરિકો ત્રાહિમામ

## અંબાજી ભાદરવી પૂનમના મહાકુંભ મેળાના ગણતરીના દિવસો જ બાકી હોય તુટેલા રસ્તાથી અનેક પદયાત્રીઓને ઠોકરો ખાવી પડશે : માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોની આળસનો ભોગ વડગામ પંથકની પ્રજા ભોગવી રહીછે : રોડનુ સમારકામ કરવા લોકોની માંગ

વડગામ, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે વડગામથી ખેરાલુ તરફ જવાનો મુખ્ય માર્ગ જ કેટલાય સમયથી બિસ્માર બની જતા લોકો તોબા પોકારી ઊઠયા છે.

વડગામ વિ.જે. પટેલ હાઈસ્કૂલથી સરકારી દવાખાને થઈને ખેરાલુ જવાના માર્ગ ઉપર ભોજકવાડી નજીક રોડ વચ્ચે ઘણાં સમયથી ખાડા પડી ગયા છે. તેમજ વિ.જે. પટેલ હાઈસ્કૂલ પાસે પણ રોડ તુટી જવા પામ્યો છે. જેના કારણે રોડ ઉપરથી પસાર થઈ રહેલા અનેક વાહનચાલકો અને લોકોને ભારે હાલાકી ઓ વેઠવી પડે છે. વાહનો ખાડામા પટકાતા હોવાથી વાહનચાલકોને આર્થીક પણ નુકશાન વેઠવાનો વારો આવે છે. તુટેલા રોડ વચ્ચે પાણી ભરાઈ રહેતુ હોવાથી મચ્છરોનો પણ ઉપદ્રવ વધતો રહ્યો છે જેના કારણે આસપાસ દુકાનો ધરાવતા દુકાનદારોના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે અને રોગચાળો ફાટી નિકળવાની દહેશત લોકોને સતાવી રહી છે. હવે અંબાજી ભાદરવી પૂનમના મહામેળાની ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે આ રોડ પરથી પાટણ, સિધ્ધપુર, મહેસાણા, ઉંઝા, અમદાવાદ સહીતના પદયાત્રીઓ હજારોની સંખ્યામાં આ રોડ પરથી પસાર થશે ત્યારે માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોની આળસના અભાવે પદયાત્રીઓને પણ ઠોકરો ખાવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે બનાસકાંઠા કલેકટર દ્વારા સત્વરે માર્ગ મકાનના સત્તાધીશોની આળસને ખંખેરીને અંબાજી મહાકુંભ મેળા પહેલા રોડ વચ્ચે પડેલા ખાડાઓ પુરાવીને રોડનુ સમારકામ કરાવાય તેવી તાલુકાની જનતા સાથે વાહનચાલકોમાંથી પણ માંગ ઉઠવા પામી છે.







## અણીયોર ગામમાં પાણી ભરાતા મચ્છરજન્ય રોગચાળોનો ભય

અરવલ્લી જીલ્લાના માલપુર-ધનસુરા પંથકમાં સતત ત્રીજા દિવસે મેઘરાજાની પધરામણી થઈ હતી. માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રવિવારે રાત્રીના સુમારે ધોધમાર વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. સતત વરસતા વરસાદના પગલે ખેતરોમાં પણ પાણીથી તરબોળ બનતા અને કાચા મકાનોને પણ ભારે નુકશાન થતા કાચા મકાનો ધરાશાયી થવાની ઘટનાઓમાં વધારો થાય તો નવાઈ નહિ. સતત મેઘાના મંડાણથી વાતાવરણમાં રાત્રીના સુમારે શીત લહેર પ્રસરતા ઠંડીનો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે. અણીયોર ગામમાં વરસાદી પાણી ઠેર ઠેર ભરાતા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થઈ છે. ભરવાડ વાસમાં પાણીનો નિકાલ ન હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વીજ ડીપી પણ પાણીમાં ચોમાસાની ઋતુમાં ડૂબેલી રહેતા ગમે તે ઘડીએ મોટી દુર્ઘટના પણ સર્જાઈ શકે છે. અણીયોર ગામમાં બનાવેલ આરસીસી રોડના કામકાજમાં લેવલ નહિ જાળવતા પાણી ભરાતા રાહદારીઓને પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# રાજ્ય પ્રાથમિક શાળા શિક્ષક સંઘે ''કાઈઝાલા'' એપ મામલે સરકાર સામે બાયો ચઢાવી

## શિક્ષકોને એપ ડાઉનલોડ ન કરવા પરિપત્રથી આદેશ

''કાઈઝાલા'' એપથી રાજ્યમાં શિક્ષણક્ષેત્રે આમૂલ

Kaizala

પરિવર્તન લાવવા શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવે તા.૫ સપ્ટેમ્બર શિક્ષકદિનથી રાજ્યનાં તમામ પ્રાથમિક શિક્ષણાધિકારીને શિક્ષણ સચિવે સંદેશો આપીને સરકારી શાળાનાં શિક્ષકોએ પોતાના સ્માર્ટ ફોનમાં 'કાંઈ ઝાલા' ડાઉનલોડ કરવા જણાવી દેવામાં આવ્યું છે ''કાઈઝાલા'' એપ ડાઉનલોડ કરવા અંગે ભારે છૂપો રોષ પ્રવર્તી રહ્યો છે. ગુજરાત રાજ્ય પ્રા.શાળા શિક્ષક સંઘે ''કાઈઝાલા'' એપ મામલે સરકાર સામે બાયો ચઢાવી ઉગ્ર વિરોધ નોંધાવી ''કાઈઝાલા'' એપ તથા બીએલઓની ઓનલાઈન કામગીરીની એપ અંગત મોબાઈલમાં ડાઉનલોડ નહિ કરવા પરિપત્ર કરી આદેશ કર્યો છે અને પરિપત્રનો ચુસ્ત અમલવારી કરવા તમામ જીલ્લાના પ્રમુખ-મંત્રીને તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે.

રવિવારે ગાંધીનગર ચાણક્ય ભવન ખાતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની સંકલન મિટિંગ પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી સતીશ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી મિટિંગ મળી હતી જેમાં તમામ જીલ્લાના પ્રમુખ, મહામંત્રી અને રાજ્યના હોદેદારોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં સમગ્ર રાજ્યના શિક્ષકો ''કાઈઝાલા'' એપ ડાઉનલોડ કરવાના ફરમાનથી આક્રોશ અને વિરોધ હોવા અંગે વિસ્તૃત ચર્ચા કરી ''કાઈઝાલા'' એપથી સેલ્ફી દ્વારા ઓનલાઈન હાજરી પુરવા બાબતે શિક્ષકો ઉપર એક પ્રકારે અવિશ્વાસ કરવા સમાન હોવાનું કારણ આગળ ધરી રાજ્યની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્યો અને શિક્ષકોએ ''કાઈઝાલા'' એપ ડાઉનલોડ નહિ કરવા આદેશ આપવાની સાથે પરિપત્ર પણ કરી ચુસ્ત અમલવારી કરવા જણાવ્યું છે.

રાજ્યમાં બી.એલ.ઓ.ની કામગીરી કરતા પ્રાથમિક શિક્ષકોને ઓનલાઈન એપથી કામગીરી માટે અપાયેલ સૂચના પણ જટિલ હોવાથી શિક્ષકોને મુશ્કેલી પડતી હોવાથી ચૂંટણી પંચની આ એપ પણ શિક્ષકોએ અંગત મોબાઈલમાં ડાઉનલોડ ન કરવા આદેશ આપી રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે ગુજરાત શિક્ષણ વિભાગ અને સરકાર સામે બાયો ચઢાવી છે.

### અરવલ્લી જિલ્લાના શિક્ષકોમાં ''કાઈઝાલા'' એપ અંગે અલગ-અલગ મંતવ્ય

અરવલ્લી જીલ્લામાં ''કાઈઝાલા'' એપ ડાઉનલોડ કરવા અંગે કેટલાક શિક્ષકોએ નામ ન આપવાની શરતે શિક્ષણ વિભાગનું આવકારદાયક પગલું ગણાવ્યું હતું જયારે મોટા ભાગના નિષ્ઠાવાન શિક્ષકોએ ''કાઈઝાલા'' એપ ડાઉનલોડ કરવા સામે છૂપો રોષ વ્યક્ત કર્યો હતો અને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પરિપત્રથી સંતોષ વ્યક્ત કરી મનમાં મલકાયા હતા.

# રાજકોટમાં આઠ ઈંચ વરસાદથી જળબંબાકાર

## વરસાદી કૃપા જારી : ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદી માહોલ અકબંધ : મોટાભાગના વિસ્તારો, કોઝ-વે, અંડરપાસ અને રસ્તાઓ પાણીમાં

અમદાવાદ, તા.૨

સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ સહિત રાજ્યભરમાં ભારે મેઘમહેર યથાવત રહેતા તમામ લોકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આજે રાજકોટમાં કલાકોના ગાળામાં જ આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જળાશયો ઓવરફ્લો થઈ ગયા છે. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે જેમાં જુનાગઢ, જામનગર, પોરબંદર, ભાવનગરનો સમાવેશ થાય છે. પાલીતાણામાં પાંચ કલાકના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં જનજીવન ખોરવાઈ ગયું હતું. સાબરકાંઠાના કોશીનામાં છ ઈંચ વરસાદ ખાબકી ગયો છે. સતત ત્રીજા દિવસે વરસાદી કૃપા જારી રહી છે. કચ્છમાં એકથી ત્રણ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને લઈને સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજકોટમાં મોડી રાતથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજકોટ શહેરમાં રાત્રે એક વાગ્યાથી વીજળીના કડાકા ભડાકા સાથે સતત વરસાદ પડી રહ્યો છે. રાજકોટમાં માત્ર આઠ કલાકમાં જ આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જેને પગલે રાજકોટ પંથકમાં ફરી એકવાર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. મોટાભાગના વિસ્તારો, કોઝ-વે, અંડરપાસ અને રસ્તાઓ પાણીમાં ગરકાવ બન્યા હતા. તો, આજી ૧, ન્યારી ૧, આજી ૨ ડેમ, મચ્છુ ડેમ-૩ સહિતના ડેમ અને જળાશયો ઓવરફલો થયા હતા. આ જ પ્રકારે ગીરના જંગલમાં ત્રણ ઈંચથી વધુ અને જૂનાગઢ-જામનગરમાં ત્રણથી પાંચ ઈંચ વરસાદ નોંધાતા ત્યાં પણ સર્વત્ર પાણી-પાણી થઈ ગયુ હતુ. અમદાવાદ સહિત ગુજરાતભરમાં હાલ વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે, ત્યારે હવામાન વિભાગે આગામી ચાર દિવસ અમદાવાદ સહિત રાજ્યભરમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન ખાતાની આગાહી મુજબ, ઉત્તર ગુજરાત, પંચમહાલ અને સૌરાષ્ટ્રનાં વિવિધ વિસ્તારોમાં મધ્યમથી ભારે જયારે અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. રાજકોટમાં માત્ર આઠ કલાકમાં જ આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં જળબંબાકારના દ્રશ્યો સામે આવ્યા હતા. ભારે વરસાદ પગલે કોટડાસાંગણીનો છાપરી ડેમ ઓવરફ્લો થયો છે. જ્યારે ન્યારી-૨ ડેમ ઓવરફ્લો થયો છે. શહેરીજનોની જીવાદોરી સમાન આજી ૧ ડેમ ચાર વર્ષ બાદ ઓવરફ્લો થતા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. રાજકોટમાં સેન્ટ્રલ ઝોનમાં ૭ ઈંચ, પશ્ચિમ ઝોનમાં ૮ ઈંચ અને પૂર્વ ઝોનમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદથી ભોળેશ્વર મંદિર અને આમ્રપાલી ફાટક પાસે પાણી ભરાયા હતા તેમજ પોપટપરાનું નાલુ પણ વરસાદી પાણી ભરાતા બંધ કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં કોટડાસાંગાણીમાં બે ઈંચ, લોધિકામાં બે ઈંચ, જેતપુર, જસદણ સહિતના વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. આટકોટમાં દોઢથી બે ઈંચ વરસાદ નોંધાયો હતો. આ જ પ્રકારે જામનગર જિલ્લામાં પણ બે ઈંચથી લઈ છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જેના કારણે જામનગર પંથક અને તેની આસપાસના વિસ્તારોમાં પણ સર્વત્ર પાણી-પાણીના દ્રશ્યો જોવા મળ્યા હતા.





### પધરામણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવા માટે ભાવિકોની મોટી સંખ્યામાં ભીડ ઉમટી હતી. શ્રીજીની ભવ્ય શોભાયાત્રા દરમિયાન ઘોડેસવાર તેમજ બાઈક સવાર યુવાનો સહીત મોટી સંખ્યામાં વાહનો સાથે ભાવિકો જોડાયા હતા. સેકટરોમાં શ્રીજીની દિવ્ય મુર્તિના દર્શનનો લાભ લઈ ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. શહેરમાં વિવિધ ૬ જેટલા સ્થળોએથી ભગવાન ગણેશજીની શોભાયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. જેમાં જુના સેકટરોમાં સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૧૯ માં નિશિત વ્યાસના નિવાસ સ્થાનેથી પુજા અર્ચના બાદ ગણેશજીની ભવ્ય મુર્તિની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો તેમજ નગરના અગ્રણીઓ જોડાયા હતા. જયારે નિયત રૂટમાં શોભાયાત્રા આગળ વધીને સે-૨૨ રંગમંચ પહોંચી હતી જયાં ગણેશજીની મુર્તિનુ સ્થાપન અને પુજાવિધિ કરવામાં આવી હતી.

જયારે નવા સેકટરોમાં પણ સે-૩ ડી યુવક મંડળ દ્વારા પણ શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મોટી સંખ્યામાં ભાવિકો શોભાયાત્રામાં જોડાયા હતા. ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી સેકટરોમાં ભગવાનની શોભાયાત્રા આગળ વધતા રહીશો શ્રીજીની ભક્તિમાં તરબોળ બન્યા હતા. સે-૨ સી માં પણ બાબુભાઈ પટેલના નિવાસ સ્થાનેથી ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. આ ઉપરાંત સે-૫ બી ખાતે ગોગા યુવક મંડળ દ્વરા પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે ભગવાનની શોભાયાત્રાના અંતે બપોરે આનંદનો ગરબાનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

સે-૧૬ સ્થિત બ્રહ્મભવન દ્વારા પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે આજે સે-૧૩ માં કમલેશભાઈ ઉપાધ્યાયના નિવાસ સ્થાનેથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો તેમજ બ્રહ્મસમાજના અગ્રણીઓ જોડાયા હતા. ડિજેના સુરાવલી વચ્ચે રાસગરબાની રમઝટ જામી હતી. સમાજના આગેવાનોએ પણ શ્રીજીની પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રાના અંતે સોમનાથ મંદિરના પટાંગણમાં શ્રીજીની દિવ્ય મુર્તિની સ્થાપના કરવામાં આવી હતી. શહેરના સેકટરોમાં શ્રીજીની ભવ્ય શોભાયાત્રાના લીધે અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. શહેરના સેકટરોમાં ઠેર ઠેર ભાવિકો ભગવાન ગણેશજીના દર્શન કરી શોભાયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી શહેરમાં હર્ષોઉલ્લાસની લાગણી પ્રવર્તી હતી. જયારે રાત્રિના સમયે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનો દૌર પણ શરૂ થઈ ગયો હતો.

### ચંદ્ર તરફ કૂચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોકલવામાં આવેલા રેટ્રો રેફલેટર લેજરના ઓછા કિરણોને નુકસાન કરે છે. આજ કારણસર હવે ચંદ્રની સપાટીના આંકડાને વધુ સરળરીતે જાણી શકાશે. આવી જ રીતે જ્યારે પ્રજ્ઞાન ચંદ્રની સપાટી ઉપર ભ્રમણ કરશે ત્યારે જમીનની ઉંચાઈ અંગે પણ માહિતી મળી શકશે.

૨૧મી જુલાઈ ૧૯૬૯ના દિવસે જ્યારે ચંદ્રની સપાટી ઉપર પ્રથમ વખત અમેરિકી અંતરિક્ષ યાત્રી નિલ આર્મ સ્ટ્રોંગે અપોલો ૧૧ મારફતે પગલું મુક્યું ત્યારે તેઓએ પોતાની પાછળ સપાટી ઉપર લેજર રેટ્રો રેફલેટરને મુકી દીધા હતા.

આ લેજર રેટ્રો રેફલેટર પર પૃથ્વીની તરફ કેન્દ્રિત કરીને બે ફુટ પહોળી પેનલ પર ૧૦૦ ગ્લાસ લગાવવામાં આવ્યા છે. એમ કહેવામાં આવે છે કે, આશરે ૫૦ વર્ષ બાદ પણ આ રેટ્રો રેફલેટર હજુ કામ કરી રહ્યા છે. હવે ઉત્સુકતામાં સતત વધારો થઈ રહ્યો છે. લેન્ડર વિક્રમ ચંદ્રની સપાટી તરફ આગેકૂચ કરી જતાં ઉત્સુકતા વધી ગઈ છે. હવે ચંદ્રના વાસ્તવિક અંતરને જાણી શકાશે.

### કુલભુષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાને નાપાક હરકતો જારી રાખીને કોઈ ગુપ્ત સ્થળ પર મિટિંગ કરાવી હતી. સરકારી સુત્રોના કહેવા મુજબ બે કલાકનો સમય જાધવને મળવા માટે આપવામાં આવ્યો હતો. ભારતે આશા વ્યક્ત કરી હતી કે, સારા માહોલમાં મુલાકાત શક્ય બનાવવા માટે પાકિસ્તાન તરફથી સહકાર કરવામાં આવશે પરંતુ આ આશા યોગ્ય દેખાઈ ન હતી. ભારતના રાજદ્વારી ગૌરવ આહલુવાલિયા પહેલા પાકિસ્તાની વિદેશ મંત્રાલયમાં પહોંચ્યા હતા.

પ્રવક્તા મહેમુબ ફેસલને મળ્યા હતા. પહેલા રાજદ્વારીઓની જાધવથી મુલાકાત બીજી ઓગસ્ટના દિવસે થનાર હતી પરંતુ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો ખરાબ થયા બાદ તેને રદ કરી દેવામાં આવી હતી. આહલુવાલિયાએ આશા વ્યક્ત કરી હતી કે, આંતરરાષ્ટ્રીય કોર્ટના આદેશ હેઠળ અમે આશા રાખી રહ્યા છીએ કે, પાકિસ્તાન તરફથી અમને સહકાર મળશે. પાકિસ્તાનના વિદેશ વિભાગના પ્રવક્તાએ રવિવારના દિવસે કહ્યું હતું કે, જાધવને કાઉન્સિલર એક્સેસની સુવિધા આપવામાં આવશે. આ સંદર્ભમાં હજુ સુધી વધારે માહિતી મળી શકી નથી પરંતુ મિટિંગને લઈને આંશિક રાહત થઈ છે.

### ઉદઘાટન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતના લોકો હંમેશા જુદી જુદી રીતે જાણીતા રહ્યા છે. આ પ્રસંગે હળવાશના મૂડમાં મોદીએ ગુજરાતની વાનગીઓ અંગે પણ વાત કરી હતી. મોદીએ સંબોધન વેળા ગણેશ ચતુર્થીની શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે અહીં સ્વાદિષ્ટ વ્યંજન અને ગુજરાતી વાનગીઓનો સ્વાદ દિલ્હી વાસીઓ માણી શકશે. જૈન સમાજને પણ મિચ્છામી દુક્કડમની શુભેચ્છા પાઠવી હતી.